પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૨ ૨૪ નવેમ્બર, ૨૦૧૯, રવિવાર; કારતક વદ - ૧૩ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# મહારાષ્ટ્રમાં મહાનાટક

- વહેલી સવારે ફડનવીસ-અજીત પવારની શપથવિધિ
- સાંજે એનસીપીની બેઠકમાં ૪૮ ધારાસભ્યો હાજર
- અજીત પવારને નેતાપદેથી હટાવાયા
- સુપ્રીમ કોર્ટમાં મહાવિકાસ અઘાડીની રીટ દાખલ

**એનસીપીના બહુમતી ધારાસભ્યો શરદ પવારની બેઠકમાં હાજર : જયંત પાટીલ એનસીપી વિધાનસભા પક્ષના નેતા પદે : કોંગ્રેસ-એનસીપીના ધારાસભ્યો સલામત સ્થળે ખસેડાયા : શિવસેનાના ધારાસભ્યોની બેઠકમાં સાથે રહેવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરાઈ : રાજ્યપાલ દિલ્હી પહોંચ્યા**



મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રના રાજકારણમાં આજે સવારે ભાજપ અને એનસીપીના અજીત પવારના એક જુથના ટેકાથી સરકાર બન્યાને હજુ તો ૨૪ કલાક પણ થયા નથી અને વહેલી સવારથી શરૂથયેલા હાઈવોલ્ટેજ ડ્રામામાં સાંજ ઢળતા ઢળતા ચિત્ર બદલાઈ રહ્યું છે કેમ કે એનસીપીની બેઠકમાં ૫૪માંથી ૪૨ ધારાસભ્યો તો હાજર રહ્યા છે અને અજીત પવાર સાથે ગયેલા અન્ય પણ ઘર વાપસી કરી રહ્યાં છે ત્યારે ભાજપના બીજીવાર સીએમ બનેલા દેવેન્દ્ર ફડણવીસની હાલત એક દિન કા સુલતાન જેવી બની જાય તો નવાઈ નહીં. અજીત પવારે પોતાની સાથે ૨૨ ધારાસભ્યો હોવાનો દાવો કર્યો હતો. પરંતુ આંકડાની રમત જોઈએ તો કુલ ૫૪માંથી ૪૮ ધારાસભ્યો શરદ પવારની પાસે હાજર હોય તો તેનો અર્થ કે અજીત પવાર પાસે ૨૨ ધારાસભ્યોનું જુથ નથી અને માત્ર ૧૦ની અંદર હોય તેમ હાલમાં જણાઈ રહ્યું છે. મોટા ઉપાડે સરકાર રચનાર ભાજપની હાલત ૧૨ કલાકમાં જ પાતળી થઈ ગઈ હોવાનું રાજકિય ચિત્ર ઉપસી રહ્યું છે.

મહારાષ્ટ્ર અને ભારતની રાજનીતિમાં અત્યારસુધીની એક સૌથી મોટી તથા દૂરોગામી અસરો અને વમળો પેદા કરનાર એક મહત્વની ઉલટફેર ઘટનામાં, શિવસેના-એનસીપી અને કોંગ્રેસની સૂચિત મહાવિકાસ અઘાડી સરકાર રચાય તે પહેલાં રાજભવનથી લઈને રાષ્ટ્રપતિ ભવન સુધીના વહીવટીય નિર્ણયો ફટાફટ રાતોરાત ઘડિયાળના કાંટે લઈને ભાજપે આજે શનિવારે વહેલી સવારે એનસીપીના એક જૂથના બળવાખોર નેતા અજીત

● અનુસંધાન પાન-૭ પર

## રાજીનામુ આપી દેવા અજીત પર એનસીપીનું દબાણ વધ્યુ

**મોટાભાગના ધારાસભ્યો શરદ પવારની સાથે રહ્યા : અજીત પવાર સાથે સવારે દેખાયેલા ધારાસભ્યો પણ પરત ફર્યા : મુન્ડે તેમજ અન્ય દ્વારા શરદ પવારને ખુલ્લું સમર્થન**

મુંબઈ, તા.૨૩

મહારાષ્ટ્રમાં જોરદાર રાજકીય ઘટનાક્રમના દોર વચ્ચે ફડનવીસના નેતૃત્વમાં ભાજપે અજીત પવારના સમર્થન સાથે સરકાર બનાવી લીધા બાદ બેઠકોનો દોર જારી રહ્યો હતો. એનસીપીમાં પણ બેઠકોનો દોર જારી રહ્યો હતો. અજીત પવારને નાયબ મુખ્યમંત્રી પદેથી રાજીનામુ આપી દેવા મનાવવાના પ્રયાસો મોડે સુધી જારી રહ્યા છે. મળેલી માહિતી મુજબ વાયબી ચવ્હાણ સેન્ટરમાં એનસીપીની બેઠક આજે મોડે સાંજે યોજાઈ હતી. આ બેઠકમાં એનસીપીના ૪૩ ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ધારાસભ્યો શરદ પવારની સાથે હોવાનો દાવો પણ કરવામાં આવી રહ્યો છે. અજીત પવાર સાથે ગયેલા કેટલાક ધારાસભ્યો પણ પરત ફર્યા હોવાના અહેવાલ મળ્યા છે. જોકે, આ અહેવાલોને સમર્થન મળી રહ્યું નથી. ૨૮૮ સભ્યોની મહારાષ્ટ્ર વિધાનસભામાં એનસીપીની પાસે ૫૪ ધારાસભ્યો છે. અજીત પવાર નાયબ મુખ્યમંત્રી બન્યા બાદ શરદ પવારે ધારાસભ્યો સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં ધનંજય મુંડે સહિત એવા ધારાસભ્યો પણ પહોંચ્યા હતા જે અજીત પવારની સાથે રાજભવન પહોંચ્યા હતા. મુંબઈ પહોંચેલા એનસીપીના ધારાસભ્ય અતુલ બેનકેએ કહ્યું હતું કે, તેઓ શરદ પવારની સાથે છે. બીજી બાજુ એનસીપી ધારાસભ્ય દિલિપ રાવ બેકરે કહ્યું છે કે તેઓ શરદ પવારની સાથે છે. અજીત પવારના કહેવા પર તેઓ રાજભવન ગયા હતા. શિવસેના વડા ઉદ્ધવ ઠાકરે

● અનુસંધાન પાન-૭ પર

## અમે જ સરકાર બનાવીશું : શરદ પવાર

**મહારાષ્ટ્રના સ્વરાજ્ય પર સર્જિકલ સ્ટ્રાઈક કરાઈ : ઉદ્ધવ ઠાકરે**



મુંબઈ,તા.૨૩

આજે ઝડપભેર બનેલા રાજકીય ઘટનાક્રમમાં મહારાષ્ટ્રમાં ભાજપે એનસીપીના એક અલગ પડેલા જુથના ટેકાથી સરકાર બનાવતાં એનસીપી શરદ પવાર અને શિવસેનાના ઉદ્ધવ ઠાકરેએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજી હતી. પત્રકાર પરિષદમાં એનસીપીના પ્રમુખ શરદ પવારે દેખીતી રીતે તેમના ભત્રીજા અજીત પવારના પગલાથી વ્યથિત એવા કહ્યું કે આ નિર્ણય અજિત પવારનો એકલાનો છે અને એનસીપીની તે વિચારધારાની વિરુદ્ધ છે. પત્રકારોના સવાલોના જવાબમાં તેમણે કહ્યું કે ’અમારે ગેરશિસ્ત અંગેના પગલાં લેવાના છે, અને અમે કરીશું. અમે રાજ્યમાં સરકાર બનાવીશું. એનસીપીની શિસ્ત સમિતિ અજિત પવાર વિરુદ્ધ નિર્ણય લેશે. મને અચાનક જ અજિત પવાર નાયબ મુખ્ય પ્રધાન બનવા વિશે ખબર પડી, એમ પણ તેમણે કહ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રની ઘટનાને કાળી સહીથી લખાશે- અહમદ પટેલ

મુંબઈ,તા.૨૩

મહારાષ્ટ્રમાં છેલ્લા ઘણા દિવસોથી શિવસેના, કોંગ્રેસ અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) વચ્ચે સરકાર બનાવવા માટે ચર્ચાઓ ચાલી રહી હતી. દરમિયાન આજે શનિવારે ભાજપ અને એનસીપીના એક અલગ પડેલા જૂથ સાથે સરકાર બનાવીને સૌને આશ્ચર્યચકિત કર્યા હતા. આ અંગે કોંગ્રેસના રાષ્ટ્રીય નેતા અહમદ પટેલે આક્રમક રીતે ભાજપ પર પ્રહારો કર્યા હતા અને કહ્યું કે ભાજપે લોકશાહીની ધજ્જીયા ઉડાવી દીધી છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા અહેમદ પટેલે પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે, ’સવારે થયેલા આ કૌભાંડથી લોકશાહીના ફૂરજેફૂરજા ઉડાવી દીધા છે. મહારાષ્ટ્રના ઈતિહાસમાં આજનો દિવસ એક કલંકિત અને કાળો ડાઘ છે. બધું જ ઉતાવળમાં અને વહેલી સવારે કરવામાં આવ્યું હતું. ક્યાંક કશુંક ખોટું થયું છે. આનાથી વધુ શરમજનક કંઈ હોઈ શકે નહીં. તેમણે જે કાંઈ થયું તે માટે સૂચિત અઘાડી સરકારના સાથી પક્ષ એનસીપી પર દોષનો ટોપલો ઢોળ્યો હતો અને કહ્યું હતું કે જે બન્યું તે એનસીપીના કારણે થયું છે. શપથ લેવા બેન્ડ-બાજા-બારાત વગર ભાજપ દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા છે. તેથી ક્યાંકને ક્યાંક ગરબડ તો લાગે જ છે. એમ કહીને તેમણે વધુમાં ઉમેર્યું કે ભાજપને હરાવવા અમે ત્રણ પાર્ટીઓ એક સાથે જ છીએ.

## મોદી હૈ તો મુમકિન હૈ : ફડણવીસ

મુંબઈ,તા.૨૩

સતત બીજી વખત મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદ તરીકે શપથ લીધા બાદ દેવેન્દ્ર ફડણવીસે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રની જનતાને ખીચડી સરકાર મંજૂર નથી.

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી પદના શપથ લીધા બાદ દેવેન્દ્ર ફડણવીસે કહ્યુ કે, અમને સરકાર બનાવવાનો જનાદેશ મળ્યો હતો પરંતુ શિવસેનાએ બીજી રાજકીય પાર્ટીઓ સાથે ગઠબંધનનો પ્રયાસ કર્યો હતો. જેનું પરિણામ એવું આવ્યું કે રાજયમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવું પડ્યું હતું. મહારાષ્ટ્રની સરકારને સ્થિર સરકાર જોઈએ છે, ખીચડી સરકાર નહીં. શિવસેનાએ જનાદેશનું અપમાન કર્યું છે. એનસીપી અમારી સાથે આવી તેના માટે આભાર. અમે સાથે મળીને મહારાષ્ટ્રમાં સ્થિર સરકાર આપીશું.

મહારાષ્ટ્રની રાજનીતિમાં એક રાતમાં જ બાજી પલટાઈ જતાં દેવેન્દ્ર ફડણવીસ ફરીથી મુખ્યમંત્રી બની ગયા છે. દેવેન્દ્ર ફડણવીસે સીએમ બન્યા બાદ મુંબઈ સ્થિત બીજેપી ઓફિસ પહોંચ્યો હતો. આ દરમિયાન બીજેપી કાર્યકર્તાઓએ દેવેન્દ્ર ફડણવીસનું જોરદાર સ્વાગત કર્યું હતું.

એનસીપીના અજિત પવારનાં સમર્થનથી સરકાર બનાવ્યા બાદ દેવેન્દ્ર ફડણવીસ સાંજે મુંબઈ સ્થિત ભાજપની ઓફિસે પહોંચ્યા હતા. આ દરમિયાન તેઓની સાથે મહારાષ્ટ્ર બીજેપીના અધ્યક્ષ ચંદ્રકાંત પાટિલ હાજર હતા. મહારાષ્ટ્રમાં બીજેપી કાર્યકર્તાઓને સંબોધતાં ફડણવીસે કહ્યું કે, મહારાષ્ટ્રમાં અમે સ્થિર સરકાર આપીશું. અને આ સાથે તેઓએ અજીત પવારનો આભાર માન્યો હતો. અને સાથે કહ્યું હતું કે, મોદી હૈ તો મુમકીન હૈ.

Intraday Free Brokerage
In CASH - F & O - OPTION
With 50 Times Limit
Free D’met Account With
“O” Balance Bank A/c
Call 99747 03401

વેચવાનો છે.
3 BHK ફ્લેટ
સ્વામીનારાયણ પ્રેસીડેન્સી,
સીટી પ્લસ સિનેમા પાસે,
ફુડાસણ, ગાંધીનગર
Mo. 94260 83194




